જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૪/૨૦૧૭ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૮૪૯/૧૭**

**વેજલપુર જીવરાજપાર્ક સોસાયટીમાં આવેલ સમોરકૃપા જવેલર્સ નામની દુકાનમાં તા.૨૫-૨૬/૩/૧૭ ના રાત્રીના સમયે બાકોરુ પાડી દોઢ કિલો સોનાના દાગીનાઓ તથા સાત કિલો ચાંદીના દાગીના તથા રોકડ મળી કુલ્લે-૪૯,૮૩,૦૦૦/- ની માલમતાની ચોરીમાં સંડોવાયેલ એક આરોપીને ચાંદીના દાગીના સાથે ઝડપી પાડી ગુન્હાનો ભેદઉકેલતી ક્રાઇમ બ્રાન્ચ.**

ગઈ તા. ૨૫-૨૬/૩/૧૭ ની રાત્રીના સમયે વેજલપુર જીવરાજપાર્ક સોસાયટીમાં આવેલ બી-૪૪ ની સમોરકૃપા જવેલર્સ નામની દુકાનમાં અજાણ્યા ઈસમોએ દુકાનની પાછળની દિવાલમાં બાકોરુ પાડી દુકાનમાં પ્રવેશ કરી, અંદરના ભાગે આવેલ લોકરરુમ નો દરવાજો ખોલી, તેમાં મુકેલ લોકરના ત્રણેય દરવાજાઓ ગેસ કટરથી કાપી, તેમાં મુકેલ દોઢ કિલો વજનના સોનાના અલગ-અલગ દાગીનાઓ કી.રુ. ૪૫,૦૦,૦૦૦/- ના તથા સાત કિલો ચાંદીના અલગ-અલગ દાગીનાઓ કી.રુ. ૨,૭૫,૦૦૦/-ના તથા રોકડ રકમ રુ.૨,૦૦,૦૦૦/- તથા આ દુકાનમા આવેલ સી.સી.ટી.વી નુ ડીવીઆર મળી કુલ્લે-રુ. ૪૯,૮૩,૦૦૦/- ની માલમતાની ચોરી કરી આરોપીઓ આ ગુન્હો કરી નાસી ગયેલ. જે બનાવ અન્વયે વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફર્સ્ટ ગુરનં-૭૪/૨૦૧૭ ઈપીકો ક્લમ ૪૫૪,૪૫૭,૩૮૦ વિગેરે મુજબનો અનડિટેકટ ગુન્હો દાખલ કરવામાં આવેલ. આ બનાવમાં ઘણા મોટા જથ્થામાં સોના-ચાંદીના દાગીનાઓની ચોરી થયેલ હોય અને જે ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ અમદાવાદ શહેર ક્રાઈમબ્રાન્ચના અધિકારીઓ દ્વારા આ ગુનાવાળી જગ્યાની વિઝીટ કરવામાં આવેલ.

આ ગુન્હો બનેલ ત્યારથી અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી એ.કે.સિંઘ, તથા ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેરના સંયુકત પોલીસ કમિશનર શ્રી જે.કે.ભટ્ટ, નાયબ પોલીસ કમિશનર શ્રી દિપન ભદ્રન, તથા એ.સી.પી. શ્રી ડો.રાજદિપસિંહ ઝાલા સાહેબ નાઓએ આ ગુન્હામાં સંડોવાયેલ ઈસમોને શોધી કાઢવા સારૂ, આ પ્રકારના ગુન્હાઓ આચરતા ઈસમો બાબતની ઝીણામાં-ઝીણી માહીતી એકત્રકરવા ખાસ સુચના કરેલ હતી,જે આધારે આ ગુન્હાના આરોપીઓ તથા મુદ્દામાલ તાત્કાલિક અસરથી શોધી કાઢવા ક્રાઇમ બ્રાન્ચના અધિકારી/કર્મચારીઓ કાર્યરત હતા. જે દરમ્યાન આ પ્રકારના ગુન્હાઓ આચરવામાં બિહાર,ઝારખંડ અથવા પશ્ચિમ બંગાળ જેવા રાજ્યના ઈસમો અમદાવાદમાં બાંધકામ મજુર તરીકે રહી, જેના ઓથા હેઠળ ચોરી કરવા લાયક જગ્યાઓની રેકી કરી ગુન્હાઓ આચરતા હોવાની હકીક્ત જાણવા મળેલ. જે આધારે ખાનગી રાહે તપાસ ચાલુમાં હતી.

આ દરમ્યાન આજરોજ તા.૨૩/૪/૧૭ ના રોજ પો.ઈન્સ શ્રી. આર.એસ.સુવેરા તથા પો.સ.ઈ.શ્રી જે.એન.ગોસ્વામી તથા પો.સ.ઈ.શ્રી સી.બી.ચૌધરી તથા પો.સ.ઈ.શ્રી એ.વાય.બલોચ તથા પો.સ.ઈ.શ્રી ડી.પી.ઉનડકટ તથા સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા,તે દરમ્યાન પો.સ.ઈશ્રી જે.એન.ગોસ્વામીનાઓને મળેલ ચોકક્સ બાતમી હકીકત આધારે, જમાલપુર મ્યુનિ.કોઠા સામેથી આરોપી **રીદય સ/ઓ જ્યોતીન મંડલ ઉ.વ. ૩૪ રહે. ગામ- જીતનગર,(જલબાલુ) પોસ્ટ-પિયારપુર, જી-સાહેબગંજ**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

ઝારખંડ હાલ રહે-શાંતીપુરા સર્કલ પાસે કિયા પ્લાન્ટના કંપાઉન્ડમાં છાપરામાં, શાંતીપુરા અમદાવાદનાનો તેના કબ્જામાં ચાંદીના દાગીનાઓ જેમાં મોટી પાયલ જોડી-૧, નાની પાયલ જોડી-૨, લક્કી નંગ-૧ તથા ડબલ હુક વાળો જુડો નંગ-૧ ના મળી કુલ્લે વજન ૨૧૦ ગ્રામ ના કી.રૂ.૯૫૦૦/- ના દાગીના સાથે મળી આવતા, જે મુદ્દામાલ કબ્જે કરી સદરી ને સી.આર.પી.સી.કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરવામાં આવેલ.

સદર પકડાયેલ આરોપી રીદય સ/ઓ જ્યોતીન મંડલની પુછપરછ કરતાં આરોપીએ ઉપરોકત સમોરકુપા જવેલર્સના ગુન્હાની કબુલાત કરેલ.જે હાલ શાંટીપુરા સર્કલ પાસે આવેલ, કિયા ક્રોક્રીટ પ્લાન્ટમાં નોકરી કરતો હોય અને તેમાં ક્રોક્રીટનો માલ સપ્લાયનુ કામ થતુ હોય, અમદાવાદ શહેરમાં જ્યા નવુ બાંધકામ ચાલતુ હોય ત્યા, પોતે પામ મશીન ચલાવી ક્રોકીટનો માલ ચડાવવાનુ કામ કરે છે. અને તેના ગામનો તેનો એક મિત્ર રાજુ રામપ્રસાદ સહા છે જેને જાન્યુ-૨૦૧૭ માં પોતાના વતન માંથી નોકરી માટે લાવેલ અને પોતાની સાથે કામ પર લગાવેલ હતો. જે દરમ્યાન વેજલપુર ખાતે આવેલ સમોરકુપા જ્વેલર્સ ની દુકાન થી થોડે દુર તેઓનુ ક્રોક્રીટનો માલ સપ્લાયનુ કામ ચાલતુ હતુ તે વખતે રાજુ સહાએ આ દુકાન જોઈ રાખેલ અને ત્યા રેકી કરેલી અને ત્યા ઘણુ બધુ સોનુ તથા ચાંદી મળી રહે તેમ હોવાની ખાત્રી કરેલ. ત્યારબાદ આ દુકાનમાં ચોરી કરવા માટેનો તખ્તો ઘડી રાજુ સહાએ પોતાના વતનમાંથી તેના ગામના (૧) ભીમ નીરંજન મંડલ તથા (૨) બિપલોક છકુ મંડલ તથા પોતાના ગામની બાજુના ગામ-કામાટોલી નો (૩) હુમાયોન (મુસલમાન) તથા ગામ- ઈગ્લીશ ઘાટના રહેવાસી (૪) ઈસ્વા (મુસલમાન) તથા (૫) છોટુ નામના માણસોને તા.૨૨/૩/૧૭ ના રોજ ટ્રેન મારફતે અમદાવાદ બોલાવેલ. અને તેઓ માટે ઉજાલા હોટલ પાસે એક રુમ ભાડે રાખેલ. અને આ પછી સમોરકુપા જવેલર્સ વાળી જગ્યાએ ચોરી કરવા માટે ઘડેલ પ્લાન મુજબ આ માટે જરુરી ગેસ કટર તથા પાઈપો તથા કોસો જેવા બિજા સાધનોની વ્યવસ્થા રાજુ એ કરી રાખેલ. અને પ્લાન મુજબ તા.૨૫/૩/૧૭ ના મોડી રાત્રીના સમયે ઉપરોક્ત સાતેય જણાએ મળી આ સમોરકુપા જવેલર્સવાળી દુકાનની આજુ બાજુમાં રેકી કરી તે જ રાત્રીએ મોડેથી રાજુ તથા તેણે બોલાવેલ ઉપરોક્ત માણસોએ આ દુકાનની પાછળ આવેલ દિવાલમાં બાકોરુ પાડી દુકાનની અંદરના ભાગે આવેલ લોકર રુમ તથા લોકરના બારણા ગેસ કટરથી કાપી લોકરમાંથી સોના ચાંદી તથા રોકડ રકમ તથા દુકાનમાંના સી.સી.ટી.વી ના ડી.વી.આર ની ચોરી કરેલ અને ઘડેલ પ્લાન મુજબ પોતે ત્યા રોડ ઉપર આવતા જતા માણસો ઉપર નજર રાખેલ અને આ ચોરી માં મળેલ સોના-ચાંદીના જથ્થામાંથી રાજુ એ પોતાને ખર્ચા પેટે તાત્કાલીક પુરતા થોડા ચાંદીના દાગીના આપેલા જ્યારે બાકીના સોના-ચાંદીના દાગીનાનો પછીથી ભાગ પાડીને તારો પુરે-પુરો હીસ્સો આપી દેશુ તેવુ કહી રાજુ સહા મુદ્દામાલ સાથે રાખી બિજા માણસોને લઈને વતનમાં જતો રહેલ હોવાનુ પકડાયેલ આરોપી જણાવેલ છે.

આ બનાવમાં આરોપીઓને સોના-ચાંદીનો મોટો જથ્થો હાથ લાગેલ. હતો જેથી આરોપીઓ આ પ્રકારના બિજો ગુન્હો કરવાનુ નક્કિ કરેલ અને તે માટે તેઓ અગાઉ સાણંદ ખાતે એક જગ્યાએ બાંધકામનુ કામ કરેલ હતુ તેની આજુ-બાજુમાં સાણંદ ખાતે બિજી એક જવેલર્સ દુકાનની દુકાન નક્કિ કરી તેમાં ચોરી કરવાનુ નક્કિ કરી રાખેલ હતુ અને તે માટે આરોપીઓએ આ દુકાનની પણ ઘણી વખત રેકી કરી રાખેલ હતી, જે કામ તેઓ દસેક દિવસમાં પાર પાડનાર હતા.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## <u>ઓટોરીક્ષામાં પેસેન્જરોને બેસાડી નજર ચુકવી દાગીના તથા રોકડ રકમની ચોરીઓ કરનાર ગેંગના ૩ સાગરીતોને સોનાના દાગીનાઓ સાથે પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચ</u>

અમદાવાદ શહેરમાં છેલ્લા ઘણા સમયથી રીક્ષામાં પેસેન્જરોને બેસાડી તેઓની નજર ચુકવી દાગીના તથા કિંમતી સામાનની ચોરીઓ કરવાના બનાવો બનતા હોય આ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ શ્રી જે.કે.ભટ્ટ સંયુકત પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાંચ નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે શ્રી દીપન ભદ્રન નાયબ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાંચ અને શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાંચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન/સુચના હેઠળએન્ટી પ્રોપર્ટી સ્કોડના પો.ઇ શ્રી આર.એસ.સુવેરા નાઓના સ્કોડના પો.સ.ઇ શ્રી એ.વાય.બલોચ અને પો.સ.ઇ શ્રી ડી.બી.વાળા નાઓ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.કો.મનોજકુમાર વિઠ્ઠલભાઇ તથા પો.કો દેવાભાઇ વકતાભાઇ નાઓને ખાનગી રાહે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે આસ્ટોડીયા દરવાજા ચાર રસ્તા ખાતે વોચ ગોઠવી એક ઓટોરીક્ષામાં ત્રણ ઇસમો (૧) **<u>મુખ્ય સુત્રધાર</u>** : ફિરોજ @ બેરીયો @ કાનમેલીયો S/O અબ્દુલઅઝીઝ મહેબુબભાઇ જાતે શેખ ઉવ.૪૫ રહે. ઘર નં.૬૪ શિવનગર સોસાયટી ઉગમણુ તળાવ પાસે દહેગામ તા.દહેગામ જી.ગાંધીનગર હાલ રહે.માળીની છાપરીયા નદી પાર હિમંતનગર (૨) રણજીત S/O સુરેશભાઇ પ્રહલાદભાઇ વાદી (વાંસફોડીયા) ઉવ. ૨૭ રહે. રામકૃષ્ણ સોસાયટીની પાછળ પતરવાળા મકાનમાં ઔડા વિસ્તાર દહેગામ તા.દહેગામ જી.ગાંધીનગર (૩) સતીષ S/O ચમનભાઇ લાલાભાઈ પરમાર ઉવ.૨૯ રહે. મકાન નં.૨૮૨ શ્રી શકતીનગર ઓમકાર ફેકટરીની પાછળ મેમ્કો રેલ્વે ક્રોસીંગની જોડે નરોડા અમદાવાદ શહેર નાઓને ચોરી કરેલ સોનાના અલગ અલગ દાગીના કિ.રૂ. ૧,૫૨,૭૦૦/-ની મતાના તથા **C.N.G. ઓટોરિક્ષા નંબર** GJ-18-AY-1395 કિં.રુ.૫૦,૦૦૦/- મળી કુલે કિરૂ. ૨,૦૨,૭૦૦/-ની મતાના મુદામાલ સાથે પકડી પાડેલ છે.

### <u>આરોપીઓનો ગુનાહીત પુર્વ ઇતીહાસ</u>

પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી ફિરોજ @ બેરીયો @ કાનમેલીયો નો અગાઉ રીક્ષામાં બેસેલ પેસેન્જરોની નજર ચુકવી તેમના થેલા,પર્સમાંથી દાગીનાઓ,કિમંતી ચીજવસ્તુઓ કાઢી લેવા અંગે માધવપુરા,સાબરમતી,સેટેલાઇટ, ઘાટલોડીયા,ચાંદખેડા,રાણીપ,ઓઢવ પોલીસ સ્ટેશનમાં અને ગાંધીનગર સેકટર-૭,સેકટર-૨૧, મહેસાણા બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં કુલ ૯ ગુનામાં અને ગાંધીનગર ઇન્ફોસીટી પોલીસ સ્ટેશન ખાતે લુંટના ૧ ગુનામાં મળી કુલ્લે ૧૦ ગુનામાં પકડાયેલ છે અને આરોપી સતીષ ચમનભાઇ પરમાર ચારેક વર્ષ પહેલા નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં લુંટના ગુનામાં પકડાયેલ છે.

### <u>અમદાવાદ શહેર ના કુલ-૩,પ્રાંતીજ પો.સ્ટે.ના ૧,દહેગામ પો.સ્ટે.ના ૧ મળી કુલ્લે ૫ ગુનાઓનો ભેદ ઉકેલાયો</u>

પકડાયેલ ઇસમોની પુછપરછ કરતા તેઓએ તેમના સાગરીતો સાથે ભેગા મળી છેલ્લા બે વર્ષના સમયગાળામાં ૧૯ જેટલી ચોરી કરેલાની કબુલાત કરેલ છે.જે પૈકી હાલ સુધીની તપાસમાં અમદાવાદ શહેર,પાંતીજ અને દહેગામ પો.સ્ટે વિસ્તારમાંથી કુલ-૫ જેટલા ગુનાઓ નોંધાયેલાની માહીતી મળેલ છે.જેમાં નીચે મુજબના ગુનાઓનો ભેદ ઉકેલાયેલ છે.

(૧) કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ફ ગુ.ર.નં ૧૦૦/૧૭ ઇપીકો કલમ ૩૭૯.૧૧૪મુજબ

(૨) કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ફ ગુ.ર.નં ૧૦૧/૧૬ ઇપીકો કલમ ૩૭૯.૧૧૪ મુજબ

(૩) સોલા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુરનં. ૭૩/૧૭ ઇપીકો કલમ ૩૭૯.૧૧૪ મુજબ

(૪) પ્રાંતીજ પોલીસ સ્ટેશન ફ ગુ.ર.નં. ૧૭૭/૧૫ ઇપીકો કલમ ૩૭૯.૧૧૪ મુજબ

(૫) દહેગામ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુરનં. ૧૨૬/૧૬ ઇપીકો કલમ ૩૭૯ મુજબ



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>૧૪ જેટલી ચોરીઓ કરેલાની કબુલાત</u>**

પકડાયેલ આરોપીઓએ આ સિવાય દહેગામ,પ્રાંતીજ,હીમંતનગર રોડ ,વીસનગર, વીજાપુર,માણસા, ગાંધીનગર, અડાલજ વિસ્તારમાં રીક્ષામાં પેસેન્જર તરીકે બેસેલ સ્ત્રી-પુરુષોના પર્સમાંથી,ગળામાંથી,ખીસ્સામાંથી નજર ચુકવી પૈસા,કિમંતી ચીજવસ્તુઓ કાઢી લઇ આવા પ્રકારના ૧૪ જેટલા ગુનાઓ આચરેલ હોવાનુ જણાવેલ છે અને આ આરોપીઓએ આ સિવાય બીજ ગુનાઓ કરેલ છે કે કેમ ? તેમજ તેઓની સાથે બીજા અન્ય આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ ? તે બાબતે સઘન પુછપરછ તપાસ ચાલુ હોય બીજા પણ આવા પ્રકારના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી સંભાવના છે.

**<u>રાખિયાલ પોલીસ સ્ટેશન</u>**

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી તથા સંયુકત પો.કમિ.શ્રી સે-ર સાહેબ તથા નાયબ પો.કમિ.શ્રી ઝોન-પ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "એચ" ડિવીઝન તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી રખિયાલ પોલીસ સ્ટે. નાઓ તરફથી મળેલ સુચના આધારે તા.૨૩/૪/૧૭ ના રોજ અમો સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં હતા દરમ્યાન અમોને ખાનગી રાહે જુગાર અંગેની બાતમી હકીકત મળેલ કે મકાન નં.૧૫૩/૯૧૧ ગુ.હા.બોર્ડ આવાજ ઘરની બાજુમા રખિયાલ અમદાવાદ ખાતે આવેલ નાસીરએહમદ નૂરમોહમદ શેખ ના મકાનની ઉપરના બીજા માળે આવેલ બંધ મકાનમાં સલમાનખાન રમઝાનખાન પઠાણ પોતાના અંગત ફાયદાસારૂ બહારથી માણસો બોલાવી ભેગા કરી પૈસા પાનાથી જુગાર રમી-રમાડતો હોય જે હકીકત આધારે રેઇડ કરી જુગાર રમતા કુલ-૯ ઇસમોને પકડી તેઓની અંગજડતી તથા દાવના મળી કુલ્લે રૂપિયા ૨૫,૮૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૧૦ કિંરૂ.૩૦,૧૦૦/- તથા ગંજીપાના નંગ-૫૨ કિંરૂ.૦૦/૦૦ તથા કપડાની ચાદર નંગ-૧ કિં.રૂ.૦૦/૦૦ ગણી કુલ્લે રૂપિયા.૫૫,૯૦૦/- ની મત્તા સાથે પકડી કાયદેસર કાર્યવાહી કરી રખિયાલ પો.સ્ટે. સે.ગુ.ર.નં.૩૦૩૬/૧૭ જુગારધારા કલમ.૪,૫ મુજબ મુજબનો ગુનો દાખલ કરેલ છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)